# એક દિવસીય મહિલા કાનૂની જાગૃતિ શિબિરનું આયોજન










તા.૧૬-૦૨-૨૦૧૮નાં રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં WDC અને એક્ષટેન્શન એક્ટીવીટી અંતર્ગત ગુજરાત મહિલા આયોગનાં સહયોગથી મહિલા સંબંધિત કાયદાકીય જાગૃતિ અને જાણકારી વધે એ હેતુથી એક દિવસીય મહિલા કાનુની જાગૃતિ શિબીરનું આયોજન ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસર જેમાં નીચે મુજબના મહાનુભાવો હાજર રહ્યા હતા.

૧) શ્રીમતી લીલાબહેન અંકોલિયા

ચેરપર્સન, ગુજરાત સ્ટેટ કમિશન ફોર વુમન, ગાંધીનગર

૨) ડૉ. પંકજ એલ. જાની

વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

૩) પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

ઈ/ચા. રજીસ્ટ્રાર તથા ચેરપર્સન, વિમેન્સ ડેવલોપમેન્ટ સેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

૪) શ્રીમતી વિણાબહેન પટેલ

એડિશનલ કલેકટર એન્ડ મેમ્બર સેક્રેટરી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર વુમન, ગાંધીનગર

૫) ડૉ.મયુરીબહેન એચ.પંડયા

ઈ/ચા. ડાયરેક્ટર GLS લો કોલેજ, અમદાવાદ

૬) પ્રો.(ડૉ.) ઉષાબહેન ઉપાધ્યાય

હેડ ઓફ ધી ગુજરાતી ડિપાર્ટમેન્ટ, મહાદેવભાઈ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

૭) ડૉ. ગીતાબહેન જોષી

ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, કોમ્યુનીટી ઓન્કોલોજી સેન્ટર, ગુજરાત કેન્સર સોસાયટી, અમદાવાદ.

આ કાર્યક્રમમાં ઉપરોક્ત મહાનુભાવો દ્વારા વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત તથા પરિચય આપવામાં આવ્યો હતો.

શ્રીમતી વિણાબહેન પટેલ દ્વારા કાર્યક્રમના અનુસંધાનમાં માહિતી આપવામાં આવી હતી. ગુજરાત મહિલા આયોગની કામગીરી અને મહિલાઓ માટે તેની શું ભૂમિકા છે તે અંગેની જાણકારી આપી હતી. ખાસ કરીને નારી અદાલતોનો હેતું, ગુજરાતમાં તેની કાર્ય પદ્ધતિની ચર્ચા તેમના દ્વારા કરવામાં આવી હતી.

ડૉ. ગીતાબહેન જોષી દ્વારા ‘‘સ્ત્રી અને સ્વાસ્થ્ય’’ વિષય ઉપર પ્રવચન આપવામાં આવ્યું હતું. આધુનિક સમયમાં સ્ત્રીઓની જીવન શૈલીને કારણે ઉભી થતી સ્વાસ્થ્યની સમસ્યાઓ અંગે વાત કરી હતી. ખાસ કરીને કેન્સરના કારણો, લક્ષણો અને સ્ત્રીના સ્વાસ્થ્ય પર થતી અસરોની ચર્ચા પણ થઇ હતી.

પ્રો.(ડૉ.) ઉષાબહેન ઉપાધ્યાય દ્વારા ‘‘સ્ત્રી અને શિક્ષણ’’ વિષય ઉપર અસરકારક સંબોધન આપવામાં આવેલ. સ્ત્રીઓ માટે શિક્ષણ શા માટે જરૂરી છે? આધુનિક સમયમાં શું અપેક્ષા છે? આ સમગ્રની ચર્ચા તેમના દ્વારા કરવામાં આવી હતી. ખાસ કરીને તેમણે તમામ મહિલાઓને આહવાન કરેલું કે દરેક સ્ત્રી એવો સંકલ્પ કરે કે પોતાનું બાળક મોટું થઇ ગમે તે બને પણ આતંકવાદી તો ન જ બને.

ડૉ.મયુરીબહેન એચ.પંડયાએ ‘‘સ્ત્રીઓ અંગેનાં કાયદા’’ વિષે વ્યાખ્યાન આપતા જણાવ્યું હતું કે સ્ત્રીઓની સાથે થતી માનસિક હિંસા કેટલી ખતરનાક છે. ખાસ કરીને ઘરેલું હિંસા એટલે શું?તેના ઘણા પ્રકારોની ચર્ચા કરી હતી. રોજીંદા જીવન વ્યવહારમાં કેટલીય બધી સ્ત્રીઓ તેનો જાણતા અજાણતા તેનો ભોગ બને છે તેની વાત તેમના દ્વારા કરવામાં આવી. સ્ત્રીઓ અંગેના કાયદાઓની વિગત આપવામાં આવી હતી.

શ્રીમતી લીલાબહેન અંકોલિયા દ્વારા અધ્યક્ષીય પ્રવચન આપવામાં આવેલ. જેમાં ગુજરાતમાં સ્ત્રીઓની પરિસ્થિતિ અને ગુજરાત મહિલા આયોગની ભૂમિકા અંગે વાત કરી હતી. કેટલાક અનુભવોનું વર્ણન તેમના દ્વારા કરવામાં આવ્યું હતું. સ્ત્રીઓની સામે ઉભા થતા પ્રશ્નો,પડકારો અને તેના રક્ષણ માટેના ગુજરાત મહિલા આયોગના પ્રયત્નો અને પ્રતિબદ્ધતા અંગે માહિતી આપી હતી. સરકારશ્રી તરફથી મળતા સહયોગનો ઉલ્લેખ તેમના દ્વારા કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત મહાનુભાવોના વ્યાખ્યાનનો લાભ વિદ્યાર્થીઓને તથા સહભાગીઓને મળ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૨૬૫ સહભાગીઓએ ભાગ લીધો હતો. જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થી ભાઈઓ બહેનો ઉપરાંત યુનિવર્સિટીની તમામ મહિલા કર્મચારીઓએ સહભાગીતા કરી હતી. કાર્યક્રમનાં અંતે સહભાગીઓ માટે સર્ટીફીકેટ અને ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ.દિપ્તિબા ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.